સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના
અમલ બાબત ( ચોથો તબક્કો )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
સચિવાલય, ગાંધીનગર
તા: ૧૮ -૫ ૨૦૦૫

સંદર્ભ: (૧) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૧-૪-૨૦૦૫
(૨) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૨૧-૪-૨૦૦૫
(૩) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૨૬-૪-૨૦૦૫
(૪) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૧૨-૫-૨૦૦૫

**પૂર્વભૂમિકા:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચોથા તબક્કાનો પ્રારંભ સરકારશ્રીના ઉપરોક્ત સંદર્ભિત ઠરાવ (૧) થી કરવામાં આવેલ છે. આ તબક્કા અન્વયે ચેકડેમો બાંધવાની કામગીરી સમગ્ર ગુજરાત રાજ્યમાં ૮૦:૨૦ માં કરવાનો સરકારે નિર્ણય કરેલ છે.

સદરહુ ઠરાવના અમલ સારી રીતે થાય તે માટે ક્ષેત્રીય કચેરીઓ દ્વારા કેટલાક સુચનો મળેલ છે અને કેટલીક સ્પષ્ટતાઓ પણ માંગવામાં આવેલ છે જે યોજનાના વ્યવહારૂ અભિગમ માટે , સુચારૂ વહીવટ અને બાંધકામની કામગીરી સરળતાથી થાય, કામને ઝડપ મળે તે અર્થે જરૂરી હોઇ નીચે મુજબ સ્પષ્ટતાઓ ઉપરોક્ત સંદર્ભતિ ઠરાવ (૧) માં કરવામાં આવે છે.

<u>ઠરાવ:</u>

(૧) સરકારશ્રી દ્વારા ચોથા તબક્કાના ચેકડેમોના તા ૧-૪-૨૦૦૫ ના ઠરાવમા માટીકામની કોઇ મર્યાદા રાખવામાં આવેલ નહોતી. પરંતુ હવેથી નાના ચેકડેમો ( રૂ ૩ લાખની મર્યાદામાં કિંમત ધરાવતા) માટે આ માટીકામની મર્યાદા ચેકડેમની કુલ કિંમતના ૧૦ ટકા અને મધ્યમ કક્ષાના ચેકડેમો ( રૂ ૩ લાખથી ૧૫ લાખની કિંમત) તથા નદીઓ પરના મોટા ચેકડેમો માટે કુલ કિંમતના ૧૦ ટકા અથવા રૂ ૭૫૦૦૦ જે બે માંથી ઓછું હોય તેમ રાખવાની રહેશે.

INWARD No.
DATE.
S.
S.
E.
E.

(૨) ચોથા તબક્કા હેઠળ બંધાનાર ચેકડેમોમાં દરેક ચેકડેમ માટે આરસની એક જ તકતી લગાવવાની રહેશે જે પેટે ઠરાવમાં દર્શાવેલ ભાવમુજબનું ચુકવણું રૂ ૧૦૦૦/- ઉચ્ચક કરવાનું રહેશે.

(૩) ખેડુત લોકજુથો દ્વારા બનાવવામાં આવનાર નાના ચેકડેમો માટેના સંદર્ભ(૧) ના ઠરાવના પેરા (અ) વહીવટી સબપેરા (૪)માં તાલુકાવાર અને (૫) માં ગામવાર

131

સંખ્યામર્યાદા રાખવામાં આવી છે. આ સંખ્યામર્યાદામાં સરકારશ્રીના સંદર્ભ (૨) ના સુધારેલ ઠરાવ ની જોગવાઇ અનુસાર ત્રીજા તબક્કામાંથી ચોથા તબક્કામાં તબદીલ થનાર ચેકડેમો તેમજ ત્રીજા તબક્કાના પ્રગતિ હેઠળના ચેકડેમોનો સમાવેશ કરવાનો રહેશે નહીં વધુમાં જે ગામમાં ૧૦ ચેકડેમ થયાં હોય તેને પણ ૧૦ થી વધુ અને ૩૫ થી ઓછાવાળી જોગવાઈ જ લાગુ પાડવાની રહેશે.

(૪) ત્રીજા તબક્કામાંથી ચોથા તબક્કામાં સંદર્ભિત ઠરાવ (૨) ની જોગવાઇ મુજબ તબદીલ થઇ શકે તેવા ચેકડેમો કે જેના પ્રાયોજકો ખેડૂત લોકજૂથ હોય અને ચેકડેમોની અંદાજિત કિંમત રૂ ૩ લાખથી વધુ હોય તો પણ ચોથા તબક્કામાં તબદીલ થઇ શકશે. આવા ચેકડેમની કામગીરી જે તે ખેડૂત લોકજૂથ કરી શકશે જેને મધ્યમ કક્ષાનો ચેકડેમ ગણવાનો રહેશે.

(૫) સરકારશ્રીના સંદર્ભિત ઠરાવ (૧) અને (૨) ની જોગવાઇ મુજબ રૂ. ૩ લાખથી ૧૫ લાખ સુધીની અંદાજિત કિંમત ધરાવતા મધ્યમ કક્ષાના ચેકડેમોની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવાની થાય છે. સદર ઠરાવ અન્વયે હવેથી ખેડુત લોકજુથો પણ તે કામગીરી કરી શકશે. મોટી નદીઓ પર ઔદ્યોગિક ગૃહ અથવા સ્વૈચ્છિક સંસ્થાની કામગીરી કરે તે યથાવત રહેશે.

(૬) સરકારશ્રીના સંદર્ભ(૧)ના ઠરાવમાં નાના ચેકડેમોમાં મરામત અંગેની જોગવાઇનો દર્શાવેલ છે. હવેથી સદર ઠરાવ મુજબ મધ્યમ કે મોટા ચેકડેમોમાં પણ આ જોગવાઇ રાખવાની રહેશે.

(૭) નગરપાલિકા, મહાનગરપાલિકા જેવી સંસ્થાઓ ચેકડેમોની યોજનામાં સ્વૈચ્છિક સંસ્થા તરીકે કામગીરી કરી શકશે.

(૮) નાના ચેકડેમોની સ્ટાન્ડર્ડ ડિઝાઈન લઘુ સિંચાઈ યોજના વર્તુળ દ્વારા કરવાની રહેશે.

(૯) બધી જ કક્ષાના ચેકડેમોની કામગીરી ૩૦ % અને ૬૦ % પૂર્ણ થયે બંને તબક્કે ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓ દ્વારા ચકાસણી કરાવવાની રહેશે. આ ચકાસણી ન થાય ત્યાં સુધી ચુકવણીની કાર્યવાહી હાથ ધરી શકાશે નહીં.

(૧૦) સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટી નદીઓ પરના ચેકડેમોની કામગીરી અંદાજિત કિંમતની કોઇ પણ મર્યાદાને ધ્યાને ન રાખતાં ગુ.જ.સં.વિ.નિ.લી. ગાંધીનગર દ્વારા જ કરવાની થાય છે. રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ તથા ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા રૂ. ૩ લાખ થી ૧૫ લાખ સુધીના ચેકડેમોની કરવાના થતા ચેકડેમોની કામગીરી માટે જે તે ઔદ્યગિક ગૃહ કે સ્વૈચ્છિક સંસ્થાને માન્યતા સરકાર કક્ષાએ અપાય છે જે પ્રાયોજક તરીકેની છે, કામની નહીં. તેથી એકવાર સરકારશ્રી દ્વારા માન્યતા અપાયા બાદ સંસ્થાએ આ યોજનાના ચોથા તબક્કામાં અન્યત્ર કામગીરી કરવા માટે ફરીવાર માન્યતા

લેવાની રહેશે નહીં.ચેકડેમના પ્રકાર મુજબ ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ કે જળસંપત્તિ વિભાગના વર્તુળો દ્વારા કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમે અને નામે

જે.કે.ત્રિવેદી
ઉપસચિવ (જળસંચય)

પ્રતિ

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
- સર્વે સંસદસભ્યશ્રીઓ
- સર્વે ધારાસભ્યશ્રીઓ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો
- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- રાજ્યના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- રાજ્યના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ



જાનં ચાજી-૨/ સપસ/આયો તક/કો-૪/પરિપત્ર/૧૧૯૯/...

નકલ રવાના પ્રતિ કાર્યપાલક ઈજનેરશ્રી ... વિભાગ, અમદાવાદ સુરત વલસાડ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ

... નાયબ ...